# 2. વૈષ્ણવજન



**નરસિંહ મહેતા**
**આશરે પંદરમું શતક**

નરસિંહ મહેતાનો જન્મ ભાવનગર જિલ્લાના તળાજા ગામમાં થયો હોવાનું મનાય છે. તેઓ જૂનાગઢમાં આવીને રહ્યાં હતાં. તેમણે આખું જીવન ભક્તિ-કીર્તનમાં વિતાવ્યું હતું. સંસારી હોવા છતાં સંસારના વ્યવહારોથી અલિપ્ત રહી અડગ શ્રદ્ધાથી આરાધના કરી હતી. આ ભક્ત કવિના સંતજીવન વિશે અનેક કથાઓ પ્રચલિત છે. હાર, હૂંડી, મામેરું, વિવાહ અને શ્રદ્ધા આ પાંચ પ્રસંગે તેમનાં જીવનમાં ચમત્કારો સર્જાયા હતા. ગુજરાતી ભક્તિ કવિતાને ગિરનારની ઊંચાઈએ લઈ જનાર, નરસિંહ મહેતા ગુજરાતના મધ્યકાલીન ભક્ત કવિઓમાં એક ચિરંજીવી કવિ-સમ્રાટ છે. નરસિંહે રચેલાં પદોમાં જે અનાયાસ કળાસૌન્દર્ય ઝળહળે છે, જે માધુર્ય અને માર્દવ છે, કવિતાનું જે કળાયેલ રૂપ છે તે એની પૂર્વે કોઈ કવિ સિદ્ધ કરી શક્યા નથી. કવિના આવા પ્રથમ આવિષ્કારની દૃષ્ટિએ આપણે નરસિંહને આદિકવિનું વ્હાલસોયું બિરુદ આપ્યું છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં ભક્તિરચનાઓ માટે આવા પદપ્રકારનો વ્યાપક રીતે ઉપયોગ થતો. નરસિંહ મહેતાએ રચેલાં પદો, પ્રભાતિયાં લોકકંઠે ગવાતાં ગવાતાં આજ સુધી ટકી રહ્યાં છે. ગુજરાતી ભાષાનું આ સંસ્કારધન છે. આ પદ પણ અત્યંત પ્રસિદ્ધ છે.

આ ભજન રાષ્ટ્રપિતા ગાંધીજીને અતિ પ્રિય હતું. આ ભજનમાં વૈષ્ણવજન એટલે કે એક ઉત્તમ, સજ્જન કેવો હોય તેની વાત કરવામાં આવી છે. જે માણસ અન્યની પીડા જાણે, પરોપકારી હોય, નિરાભિમાની હોય, કોઈની નિંદા કર્યા વગર સૌને વંદન કરે, યથા સમયે મનને સ્થિર રાખે, ક્યારેય અસત્ય ન બોલે, મોહ-માયા ત્યાગે, જેનામાં દૃઢ વૈરાગ્ય હોય, કામ-ક્રોધ પર કાબુ મેળવ્યો હોય વગેરે સદ્‌ગુણોની માણસ પાસે અપેક્ષા રાખે છે. મૂળ તો ભક્તિ સંપ્રદાયનું આ આગવું લક્ષણ છે. જે ભાવ સાથે આમ રજૂ કરે છે.

---

વૈષ્ણવજન તો તેને કહીએ, જે પીડ પરાઈ જાણે રે;
પરદુ:ખે ઉપકાર કરે તોયે, મન અભિમાન ન આણે રે.
સકળ લોકમાં સહુને વંદે, નિંદા ન કરે કેની રે;
વાચ-કાછ-મન નિશ્ચળ રાખે, ધન ધન જનની તેની રે.
સમદૃષ્ટિ ને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.
મોહ-માયા લેપે નહિ તેને, દૃઢ વૈરાગ્ય તેના મનમાં રે;
રામનામ-શું તાળી લાગી, સકળ તીરથ તેના તનમાં રે.
વણલોભી ને કપટરહિત છે, કામ-કોર્ધ જેણે માર્યા રે;
ભણે નરસૈયો : તેનું દર્શન કરતાં કુળ એકોતરે તાર્યાં રે.

## ટિપ્પણ

**વૈષ્ણવજન** - વિષ્ણુની ઉપાસના કરનાર માણસ, ભગવાનનો ભક્ત, સજ્જન **પીડ** - દુઃખ, પીડા, કષ્ટ **પરાઈ** - બીજાનું, અન્યનું **ઉપકાર** - ભલું કરવું, કલ્યાણ **અભિમાન** - અહંકાર, ગર્વ **સકળ લોક** - આખું જગત **નિંદા** - વગોવણી, **વાચકાછ** - વાણી અને કાર્ય **નિશ્ચળ** - પવિત્ર, અડગ, અચળ **જનની** - માતા, મા **સમદૃષ્ટિ** - સમાન દૃષ્ટિ, સરખી દૃષ્ટિ **તૃષ્ણા ત્યાગી** - ઇચ્છાઓનો ત્યાગ કરનાર **જિહ્વા** - જીભ **મોહ** - લોભ **દૃઢ** - સ્થિર, મજબૂત **વૈરાગ્ય** - સંસાર ઉપરની આસક્તિનો અભાવ, વિરક્તિ, સંસારના મોહ માયા ન હોવાં તે **તીરથ** - કોઈ પવિત્ર કે જાત્રાની જગ્યા **તન** - શરીર **વણલોભી** - લોભ વિનાનું **કપટ** - છળ, પ્રપંચ, દાવપેચ **કુળ** - કુટુંબ, વંશ

## સ્વાધ્યાય

**પ્રશ્ન 1. નીચેના પ્રશ્નોના એક-બે વાક્યમાં ઉત્તર આપો.**

1. કવિની દૃષ્ટિએ સાચો વૈષ્ણવજન કોણ છે ?
2. વૈષ્ણવજનને પરસ્ત્રીમાં કોના દર્શન થાય છે ?
3. વૈષ્ણવજનના મનમાં શું રહેલું છે ?
4. કોના દર્શન માત્રથી ઈકોતેર પેઢી તરી જાય છે ?

**પ્રશ્ન 2. નીચેના પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર આપો.**

1. કવિ શા માટે વૈષ્ણવજનની માતાને ધન્ય ગણે છે ?
2. લોકો સાથે વૈષ્ણવજન કેવી રીતે વ્યવહાર કરે છે ?

**પ્રશ્ન 3. વર્ણન કરો.**

1. 'વૈષ્ણવજન' પદને આધારે સાચા પ્રભુભક્તના ગુણોનું વર્ણન કરો.

**પ્રશ્ન 4. કાવ્ય પંક્તિનો ભાવાર્થ લખો :**

1. સમદૃષ્ટિને તૃષ્ણાત્યાગી, પરસ્ત્રી જેને માત રે;
   જિહ્વા થકી અસત્ય ન બોલે, પરધન નવ ઝાલે હાથ રે.

**પ્રશ્ન 5. સમાનાર્થી શબ્દ લખો.**

અભિમાન, જનની, હાથ, લોક

**પ્રશ્ન 6. વિરુદ્ધાર્થી શબ્દ લખો.**

ઉપકાર, નિંદા, સત્ય, દુઃખ

**આટલું કરો**

1. વર્ગખંડમાં આ કાવ્યનું સમૂહગાન કરો.
2. આ કાવ્યમાં રજૂ થયેલા ગુણો ધરાવતી કોઈ વ્યક્તિ વિશે પ્રાર્થનાસભામાં પરિચય આપો.
3. નરસિંહ મહેતાના જીવન-કવન વિશે માહિતી આપતા ચાર્ટ્સ બનાવી વર્ગખંડમાં ટીંગાળો.

•